# 12 કલાકમાં 2 જગ્યાએ હોટફિક્સમાં આગ




**આગ નંબર 1**
પુણા ફાયર સ્ટેશનને ગુરુવારે મોડી રાત્રે પુણાગામ કેનાલ રોડ પર રેશ્મા સર્કલ નજીક આવેલા ખુલ્લા મેદાનમાં હોટફિક્સ કચરો સળગી રહ્યો હોવાનો કોલ મળ્યો હતો.

**આગ નંબર 2**
પુણા ફાયર સ્ટેશનને ગુરુવારે મોડી રાત્રે પુણાગામ કેનાલ રોડ પર રેશ્મા સર્કલ નજીક આવેલા ખુલ્લા મેદાનમાં હોટફિક્સ કચરો સળગી રહ્યો હોવાનો કોલ મળ્યો હતો.

**રાત્રે** રેશમા સર્કલ, સવારે બાલમુકુંદ સોસાયટી નજીક આગ લાગતાં અફરાતફરી

સુરતઃ સુરત શહેરમાં ટેક્સટાઈલ અને હોટફિક્સ વેસ્ટના જાહેરમાં નિકાલ પર પ્રતિબંધ હોવા છતાં ખુલ્લી જગ્યાઓમાં આ પ્રકારનો કચરો ઠાલવવાની અને સળગાવવાની ઘટનાઓ અવારનવાર સામે આવી રહી છે. તેના કારણે આગની ઘટનાઓ ઉપરાંત ધુમાડો ફેલાતા આસપાસના વિસ્તારમાં રહેતા લોકો માટે પણ મુશ્કેલી ઊભી થઈ રહી છે. તંત્ર દ્વારા પ્રતિબંધ હોવા છતાં કચરાનો જાહેરમાં નિકાલ થતો હોવાના કારણે કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. પુણાગામ વિસ્તારમાં ગુરૂવારે મોડી રાત્રે અને શુક્રવારે સવારે ખુલ્લી જગ્યામાં હોટફિક્સ કચરામાં આગ લાગવાની બે અલગ-અલગ ઘટનાઓ બનતા ફાયર બ્રિગેડને દોડવું પડ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે,

આગને કારણે કાળા ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા. ધુમાડો આસપાસના વિસ્તારમાં ફેલાતા લોકોમાં પણ ગભરાટનો માહોલ સર્જાયો હતો. પુણા ફાયર સ્ટેશનને ગુરૂવારે મોડી રાત્રે પુણાગામ કેનાલ રોડ પર રેશ્મા સર્કલ નજીક આવેલા ખુલ્લા મેદાનમાં હોટફિક્સ કચરો સળગી રહ્યો હોવાનો કોલ મળ્યો હતો.

કોલ મળતાની સાથે જ ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી અને આગ પર પાણીનો મારો ચલાવી કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી.

અંદાજે અડધા કલાકની જહેમત બાદ આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી જતાં ફાયરબ્રિગેડની ટીમ પરત ફરી હતી. આ ઉપરાંત પુણાગામ વિસ્તારમાં બાલમુકુંદ સોસાયટી નજીક આવેલા ખુલ્લા મેદાનમાં પણ હોટફિક્સ કચરામાં આગ લાગ્યાનો કોલ ફાયરબ્રિગેડને મળ્યો હતો. આગની જ્વાળાઓ સાથે ધુમાડાના ગોટેગોટા ઊંચે સુધી ઉઠતા આસપાસના વિસ્તારમાં તેની અસર જોવા મળી હતી. ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી અને ગણતરીની મિનિટોમાં આગને કાબૂમાં લઈ લીધી હતી. પુણા ફાયર સબ ઓફિસર દિનુ પટેલના જણાવ્યા મુજબ બંને સ્થળે હોટફિક્સ કચરો સળગ્યો હતો અને ફાયરબ્રિગેડની ટીમે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ખુલ્લી જગ્યામાં આવા કચરાનો નિકાલ થતો હોવાને કારણે આગની ઘટનાઓનું જોખમ યથાવત રહે છે. હોટફિક્સ કચરામાં રહેલા વિવિધ કૃત્રિમ તંતુઓ અને રસાયણયુક્ત સામગ્રી સળગવાથી ધુમાડો વધુ પ્રમાણમાં ફેલાઈ શકે છે. જેના કારણે આગ ઉપરાંત હવાના પ્રદૂષણનો પ્રશ્ન પણ ઊભો થાય છે. શહેરમાં આવા કચરાના જાહેરમાં નિકાલ અને સળગાવવાની પ્રવૃત્તિ સામે અસરકારક કાર્યવાહી થાય તેવી સ્થાનિક લોકોમાં માંગ ઉઠી રહી છે.

## સાંસદપુત્ર સાથે ઠગાઈ કેસમાં સ્ટેમ્પ વેન્ડર સલોની મેવાવાલાની જામીન અરજી નામંજૂર

સુરતઃ રાજ્યસભાના સાંસદ અને ઉદ્યોગપતિ ગોવિંદ ધોળકિયા પરિવાર સાથે ઈ-સ્ટેમ્પ પેપરના નામે 76.44 લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત કેસમાં જેલવાસ ભોગવતા આરોપી સ્ટેમ્પ વેન્ડર સલોની રામકૃષ્ણ મેવાવાલાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના કેસમાં આરોપી સલોનીએ જામીન અરજી રજૂ કરતાં સરકાર પક્ષે એપીપી નીતિન ચોડવડીયાએ તપાસ અધિકારીનું સોગંદનામું અને મૂળ ફરિયાદી પક્ષે એડ્વોકેટ કેતન રેશમવાલાએ હાજર રહી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. બચાવ પક્ષે આરોપી મહિલા હોવાની રજૂઆત કરી જામીન મંજૂર કરવા રજૂઆત કરવામાં આવી હતી. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપી સલોનીની જામીન અરજી ફગાવતાં નોંધ્યું હતું કે, માત્ર મહિલા હોવાના કારણે જામીન આપવા યોગ્ય નથી. કારણ કે ગુનામાં આરોપીની ભૂમિકા અને ગુનાની ગંભીરતા ધ્યાને લેવાની છે.

## બેફામ ડમ્પરે મોપેડને અડફેટે લેતાં સાસુ અને વહુનાં મોત, 7 વર્ષની બાળકી ગંભીર

**અમરોલીથી** સંબંધીને મળી સરથાણા ઘરે પરત ફરતા જાની પરિવારને ગમખ્વાર અકસ્માત નડ્યો

**ટ્રકે** મોપેડને એક કિ.મી. સુધી ઘસડ્યું, એક જ પરિવારના બે સભ્યનાં મોતથી શોક




ટ્રકે અકસ્માત કરી એક કિ.મી. સુધી મોપેડને ઘસડ્યુંહતું.

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં કરમસી બાબુના આશ્રમ પાસે શુક્રવારે બપોરે પૂરપાટ ઝડપે દોડી રહેલા ડમ્પરચાલકે મોપેડને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોપેડ પર સવાર સાસુ અને વહુનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે તેમની સાથે રહેલી 7 વર્ષની બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર હેઠળ છે.

મૂળ અમરેલીના વતની અને હાલ સરથાણા વિસ્તારમાં વરણી હાઇટ્સમાં રહેતા જયદીપ વસંતરાય જાની કર્મકાંડી તરીકે કામ કરે છે. શુક્રવારે બપોરે તેમનાં 63 વર્ષીય માતા જયશ્રીબેન, 38 વર્ષીય પત્ની યોગીતાબેન અને 7 વર્ષની પુત્રી શ્રી અમરોલી ખાતે સંબંધીને મળવા ગયાં હતાં. સંબંધીને મળ્યા બાદ ત્રણેય મોપેડ પર સવાર થઈ સરથાણા ખાતે ઘરે પરત ફરી રહ્યાં હતાં. દરમિયાન મોટા વરાછામાં કરમસી બાબુના આશ્રમ પાસે પહોંચતા પૂરપાટ ઝડપે હંકારી રહેલા ડમ્પરચાલકે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરથી ત્રણેય રસ્તા પર પટકાતાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતમાં જયશ્રીબેનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલાં યોગીતાબેન અને 7 વર્ષની બાળકી શ્રીને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, ટૂંકી સારવાર દરમિયાન યોગીતાબેનનું પણ મોત નીપજ્યું હતું. બાળકી શ્રી હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં ઘટના સ્થળે લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. આ બનાવ અંગે ઉત્રાણ પોલીસે ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સફાઈમાં કોન્ટ્રાક્ટ પ્રથા સામે વિરોધમાં 4થીએ વિશાળ સભાનું આયોજન

સુરતઃ ગુજરાત રાજયમાં વર્ષો પહેલા માથે મેલુ ઉપાડવાની કામગીરી વાલ્મીકિ સમાજ કરતો હતો. આ સમાજના મોટા ભાગના લોકોનું જીવન નિર્વાહ સફાઈ કામગીરી ઉપર નિર્ભર છે. ત્યારે સરકાર ધ્વારા કોન્ટ્રાક્ટ સિસ્ટમ દાખલ કરી આ સમાજને ભૂખમરામાં ધકેલવાના પ્રયાસ શરૂ કરેલ છે. ગુજરાત સરકાર રાજયમાંથી સફાઈકામની કોન્ટ્રાક્ટ સિસ્ટમ નાબૂદ કરે તે માટેની માંગણી કરીએ છીએ. તા.૪/૧૦/૨૦૨૬ ના રોજ સુરત ખાતે સફાઈ કામગીરી સાથે સંકળાયેલા અનુસુચિતજાતિ-અનુસુચિત જનજાતિ ના આગેવાનો કાર્યકરોની વિશાળ સભા રાખવામા આવેલ છે. એમ સુરતના વાલ્મીકિ સમાજના આગેવાનો ભાઈલાલ બી. વૈષ્ણવ, જયંતિ વાઘેલા,શશીકાન્ત સોલંકી, પ્રવીણ પટેલ, કિરીટ વાઘેલા, ઈકબાલ શેખ, હરીશ રાઠોડ, વિજય શેણમારેએ એક નિવેદનમાં જણાવેલ છે.

## છ વર્ષે PM આવાસ જર્જરિત, મોટા વરાછામાં અગાસીનું છજ્જું તૂટયું

**સુમન** સહકાર આવાસમાં છજ્જુ તૂટી પડવાની ઘટનાથી ભયનો માહોલ, કોઈ હાજર નહોતું, નહીં તો જાનહાનિ થઈ હોત

**કન્સ્ટ્રક્શન** કરનાર એજન્સીઓ સામે તપાસની માંગ ઊઠી



સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં આવેલી 'સુમન સહકાર' આવાસ યોજનાનું નિર્માણ થયાને માત્ર છ વર્ષ જેટલો ટૂંકો સમય વિત્યો છે, ત્યાં જ મકાનોના બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ઘટનાની વિગતો આપતાં પૂર્વ વિપક્ષી કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ જણાવ્યું હતું કે, 'સુમન સહકાર' આવાસમાં બારીનું છજ્જું અચાનક તૂટીને નીચે ધડાકાભેર પટકાયું હતું. નિર્માણનાં માત્ર છ વર્ષમાં જ આવી ઘટના બનતાં આવાસમાં વસવાટ કરતા સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ ફેલાઈ ગયો છે. સદનસીબે જે સમયે આ છજ્જું તૂટીને નીચે પડ્યું ત્યારે ત્યાં કોઈ હાજર ન હતું, જેથી મોટી હોનારત ટળી હતી.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં છ જ વર્ષમાં પીએમ આવાસ જર્જરીત થઈ ગયા છે ત્યારે તેના બાંધકામ કરનાર એજન્સી સામે તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

## ગાંધી જયંતીને પૂણ્યતિથિ કહી દેતાં સાંસદ મુકેશ દલાલ ટ્રોલ થયા

**ગાંધીજીને** શ્રદ્ધાંજલિ આપવાનો વિડીયો વાયરલ થતાં યૂઝર્સો દ્વારા ટીકા કરાઈ

**ટ્રોલ** કરનારાઓમાં ભાજપની આંતરિક જૂથબંધી પણ જવાબદાર હોવાની ચર્ચા

સુરત : સુરતના સાંસદ અને ભાજપના પીઢ નેતા મુકેશ દલાલનો મહાત્મા ગાંધી અંગેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

2 ઓક્ટોબર, ગાંધી જયંતિના દિવસે મુકેશ દલાલે મહાત્મા ગાંધીની પુણ્યતિથિ ગણાવી તેમને શ્રદ્ધાંજલિ આપી હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો વાયરલ થતાં જ સોશિયલ મીડિયા યુઝર્સે તેમની ભૂલને લઈને ટીકા શરૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, 2 ઓક્ટોબર મહાત્મા ગાંધીની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે, જ્યારે તેમની પુણ્યતિથિ 30 જાન્યુઆરીએ હોય છે. આવા મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય દિવસ અંગેની ભૂલને લઈને યુઝર્સે સવાલો ઉઠાવ્યા હતા.

કેટલાક લોકોએ આ ઘટનાને લઈને ટિપ્પણીઓ કરતાં સોશિયલ મીડિયા પર ચર્ચાનો ચકડોળ જામ્યો છે. જોકે, વાયરલ વીડિયોને પગલે સોશિયલ મીડિયા પર વિવિધ પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, સાંસદ મૂકેશ દલાલને ટ્રોલ કરવામાં ભાજપની જ આંતરિક જુથબંધી પણ સામે આવી હતી. ભૂતકાળમાં ભાજપના જ અનેક નેતાઓ દ્વારા આ રીતે ભૂલ કરાઈ હતી પરંતુ તેમને એ રીતે ટ્રોલ કરવામાં આવ્યા નહોતા. જે રીતે સાંસદ મુકેશ દલાલને ટ્રોલ કરવામાં આવ્યા હતા.

## ૮ વેપારી સાથે રૂપિયા ૧.૦૯ કરોડની ચીટિંગ કરનારા સામે ગુનો

**એમ્બ્રોઇડરી** જોબવર્ક કરાવ્યા બાદ અંશત ચૂકવણી કરી વિશ્વાસ કેળવ્યો

**માલ** પચાવી પાડી દુકાન બંધ કરી રાજસ્થાની વેપારી અને દલાલ ફરાર

સુરત : રિંગરોડ સ્થિત શિવ કૃપા ટેક્સટાઈલ માર્કેટમાં 'સાલાસર ક્રિએશન' નામે દુકાન ધરાવતા કાપડ વેપારી અને એક દલાલે પૂર્વઆયોજિત ષડયંત્ર રચીને એમ્બ્રોઈડરી જોબવર્ક કરાવ્યા બાદ આઠ જેટલા વેપારીઓ પાસે કરાવેલા કુલ રૂપિયા ૧.૦૯ કરોડથી વધુના કામનું પેમેન્ટ ન ચૂકવી દુકાન તથા ફોન બંધ કરી ભાગી છૂટ્યા હતા.

મોટા વરાછા ખાતે આવેલા ભક્ત ચૌહાણ સુદામા ચોક પાસે બ્લોસમ રોડ પર રહેતા અને એમ્બ્રોડરી જોબવર્કનો ધંધો કરતા રાજેશભાઈ ખીમજીભાઈ શેલડીયા (ઉં.વ. ૪૫)નો સંપર્ક કાપડ દલાલ શૈલેષભાઈ મનુભાઈ રાદડીયા (રહે. કઠોદરા, કામરેજ)એ કર્યો હતો. દલાલ શૈલેષ રાદડીયાએ રિંગરોડ શિવ કૃપા ટેક્સટાઈલ માર્કેટમાં 'સાલાસર ક્રિએશન' નામે દુકાન ધરાવતા રાહુલ રાજકુમાર કંસારા (રહે. ડિંડોલી, સુરત) ની દુકાને રાજેશભાઈ તથા અન્ય વેપારીઓને બોલાવ્યા હતા. આરોપીઓએ સમયસર પેમેન્ટ કરી દેવાનો ભરોસો આપી રાજેશભાઈ પાસેથી રૂપિયા ૩૬,૮૮,૦૨૮ નું એમ્બ્રોઈડરી જોબવર્ક કરાવ્યું હતું. શરૂઆતમાં ૫,૪૪,૧૫૮ ચૂકવ્યા હતા, પરંતુ બાકીના રૂપિયા ૩૧,૪૩,૮૭૦ ચૂકવ્યા નહોતા. આ દરમિયાન દલાલે ગૂગલ પે અને રોકડથી પોતાની દલાલી પણ મેળવી લીધી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, આ ઠગ જોડીએ અન્ય સાત વેપારીઓ સાથે પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી આચરી હતી. જેમાં (૧) મનુભાઈ રામાણી (નિષ્ઠા ફેશન) પાસે રૂપિયા ૨૪.૨૫ લાખ, (૨) અરૂણભાઈ લુંગરીયા પાસે રૂપિયા ૧૮ લાખ, (૩) મહેન્દ્રભાઈ સાવલીયા (ચાર્વી ક્રિએશન) પાસે રૂપિયા ૮.૩૦ લાખ, (૪) પરષોત્તમભાઈ ગજેરા (શ્રીજી ફેશન) પાસે રૂપિયા ૮.૩૦ લાખ, (૫) બિપીનભાઈ ભરોડીયા (જય અંબે ફેશન) પાસે રૂપિયા ૭.૭૦ લાખ, (૬) ભાવેશભાઈ દુધાત (સીતારામ ક્રિએશન) પાસે રૂપિયા ૫.૭૪ લાખ અને (૭) હરેશભાઈ રંગાણી (હરીકૃષ્ણ હેન્ડ વર્ક) પાસે રૂપિયા ૫.૩૧ લાખ મળી કુલ રૂપિયા ૭૭.૬૦ લાખથી વધુનું જોબવર્ક કરાવી લીધું હતું. અરજીની પ્રાથમિક તપાસ બાદ ઈકો સેલે રાહુલ રાજકુમાર કંસારા અને દલાલ શૈલેષ મનુભાઈ રાદડીયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## એસીમાં ખામી બદલ ગ્રાહકને રકમ પરત ચૂકવવા કંપનીને હુકમ

સુરતઃ એર કન્ડિશનરમાં વારંવાર ખામી સર્જાતી હોવા છતાં કંપની દ્વારા યોગ્ય રીતે ખામી દૂર કરવામાં ન આવતાં ગ્રાહક કોર્ટે કંપનીને એસીની કિં.રૂ.34,000 પરત ચૂકવવા ઉપરાંત ગ્રાહકને રૂ.2,000નું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. ફરિયાદી કેવલ સવાણીએ એપ્રિલ, ૨૦૨૨ના રોજ એસી ખરીદ્યું હતું. એસી ખરીદીના એક વર્ષમાં બગડી જતાં કંપનીને કુલ પાંચ વખત ફરિયાદ કરવામાં આવી હતી, પરંતુ કંપની દ્વારા યોગ્ય રીતે ખામી દૂર કરવામાં આવી નહોતી. આથી ફરિયાદીએ વકીલ વંદના ગોહિલ તથા જિગ્નેશ હરિયાણી મારફતે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. ઉલ્લેખનીય છે કે, બગડેલા એસીને કારણે પડોશીઓને ભારે તકલીફ થઈ હતી અને તેને કારણે એસી માલિકે ખામી દૂર કરવા માટે વારંવાર કંપનીને કહ્યું હતું પરંતુ કંપનીએ ખામી યોગ્ય રીતે દૂર કરી નહોતી.




## કાશીબા ગોટી ટ્રસ્ટના સરસ્વતીધામ નિર્માણ માટે 2028માં મોરારિબાપુની કથા

સુરતઃ સુરતના જાણીતા કાશીબા ગોટી ટ્રસ્ટના ઉપક્રમે રામાયણી સંત મોરારિબાપુની રામકથાનું આયોજન તા. 1 જાન્યુઆરીથી 9 જાન્યુઆરી, 2027 દરમિયાન સુરતમાં થવા જઈ રહ્યું છે. નવ દિવસ સુધી ચાલનારી આ રામકથાનાં યજમાન તરીકે સુરતના જાણીતા ઉદ્યોગપતિ લવજીભાઈ બાદશાહ રહેશે.

આ માહિતી આપતા કાશીબા ગોટી ટ્રસ્ટના પ્રમુખ કેશુભાઈ ગોટીએ જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર સેવાયજ્ઞ છેલ્લાં 12 વર્ષથી અવિરતપણે શરૂ છે અને રહેશે. ખાસ કરીને અત્યંત અંતરિયાળ, દુર્ગમ, પહાડી, સરહદી અને ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની જ્યોત અવિરત પ્રજ્વલિત રહે અને ગ્રામ્ય વિસ્તારના બાળકોને શિક્ષણ માટે વધુ સારી સુવિધા મળી રહે તે હેતુથી ટ્રસ્ટ દ્વારા 351 થી વધારીને હવે 1008 સરસ્વતી ધામોના નિર્માણનું મહા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ભારતનાં 18 રાજ્યોમાં આ સેવાકાર્ય કરી રહ્યા છે. અત્યાર સુધી ૨૬૫ ભવનોનું નિર્માણ થઈ ચુક્યું છે. આ સેવાયજ્ઞ માં ૩૪૪ ભવનો માટે દાતાઓ આ મહાઅભિયાન માં જોડાઈ ચુક્યા છે. આ પત્રકાર પરિષદમાં ઉધોગપતિ લવજી બાદશાહ, મથુર સવાણી, કાનજી ભાલાળા, દિનેશ નાવડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રકક્લીનરચલાવવાનાઅનુમાનપરથી ક્લેમ રિજેક્ટ કરનાર કંપનીને લપડાક

**ફરિયાદી** સિનિયર સિટિઝનનો રૂ.૧૯.૭૫ લાખનો ક્લેમ ગ્રાહક કમિશને મંજૂર કર્યો

સુરતઃ અકસ્માત બાદ ટ્રકની કેબિનમાંથી ક્લીનર મળી આવ્યો હોવાના આધારે તે જ ટ્રક ચલાવતો હતો અને તેની પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ ન હોવાથી વીમા કંપનીએ નામંજૂર કરેલો રૂ.19.75 લાખનો ક્લેમ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય) એ ફરિયાદી ગ્રાહકને અપાવ્યો હતો. ફરિયાદી રતિલાલ પટેલની ટ્રક તા.23 જૂન 2018ની રાત્રે બોડેલીથી સુરત આવી રહી હતી ત્યારે કોસંબા નજીક નેશનલ હાઇવે પર બસને ઓવરટેક કરતી વખતે અકસ્માતની સ્થિતિ સર્જાઇ હતી. જીવ બચાવવા લાઇસન્સધારી ડ્રાઇવર અરુણ વસાવા ટ્રકમાંથી કૂદી પડ્યા હતો, જ્યારે ક્લીનર કેબિનમાં ફસાઇ જતાં તેને ઇજા થઇ હતી. અકસ્માતમાં ટ્રકને નુકસાન થયું હતું. ફરિયાદીએ ટોટલ લોસના ધોરણે ક્લેમ કર્યો હતો, પરંતુ વીમા કંપનીએ નામંજૂર કર્યો હતો. જેની સામે ફરિયાદીએ એડવોકેટ શ્રેયસ દેસાઇ, પ્રાચી અર્પિત દેસાઇ અને ઈશાન શ્રેયસ દેસાઇ મારફતે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. કમિશન સમક્ષ ફરિયાદી તરફે એડવોકેટ શ્રેયસ દેસાઇ, પ્રાચી અર્પિત દેસાઇ અને ઈશાન શ્રેયસ દેસાઈએ દલીલ કરી હતી કે અકસ્માત બાદ માત્ર ક્લીનર ટ્રકમાં મળ્યો હોવાના આધારે તે જ ટ્રક ચલાવતો હતો તેવું અનુમાન કરી શકાય નહીં. બંન્ને પક્ષની રજૂઆત બાદ પ્રમુખ પી.પી. મેખિયા તથા સભ્ય ડો. તીર્થેશ મહેતાએ પુરાવા ધ્યાનમાં લઈ વીમા કંપનીનો બચાવ સ્વીકાર્યો નહોતો. કમિશને રૂ.19.75 લાખ વ્યાજ સાથે માનસિક ત્રાસ અને હેરાનગતિ બદલ રૂ. 3 હજાર તથા ફરિયાદ ખર્ચના રૂ.2,500 ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો.



## નાટ્ય સ્પર્ધામાં 'ગુલઝારીલાલ ગાયબ' પણ હાસ્ય સતત હાજર

સુરતઃ સુરત મનપાની નાટ્ય સ્પર્ધાના છઠ્ઠા દિવસે ચેતન પવાર લિખિત, કૃણાલ નાયક દિગ્દર્શિત "ગુલઝારીલાલ ગાયબ" રજૂ કરાયું હતું. નાટ્યકાર સલિલ ઉપાધ્યાયના જણાવ્યા મુજબ, આ નાટકની વાર્તામાં વીસ વર્ષથી ગુમ થયેલા દીકરા ગુલઝારીલાલની શોધમાં કુંદનલાલે છાપામાં એવી જાહેરાત આપી કે ૪૨ કરોડનો પોતાનો કારોબાર હવે તે પોતાના પુત્રને સોંપવા તૈયાર છે. થોડા જ સમયમાં કુંદનલાલના દરવાજે એક નહીં, પરંતુ ત્રણ-ત્રણ ગુલઝારીલાલ આવી ચડ્યા! હવે પ્રશ્ન એ ઉભો થયો કે ત્રણેયમાંથી કયો કુંદનલાલ અને સુલક્ષણાનો સાચો વારસદાર છે? પોતાને અસલી ગુલઝારીલાલ સાબિત કરવા ત્રણેય વચ્ચે શરૂ થાય છે હાસ્ય, ગેરસમજ અને ગજબની રસાકસીની રમૂજી સફર. લેખક ચેતન પવારની ચોટદાર કલમ અને ગૂંચવણભરી પરિસ્થિતિઓને દિગ્દર્શક કૃણાલ નાયકે ઝડપી ગતિ અને અસરકારક ટાઈમિંગ સાથે મંચ પર જીવંત કરી છે. પૌરવ શાહ, હિરેન બારોટ, ચિરાગ ત્રિવેદી, જૈમિન ડૉક્ટર, દ્યુતિ અવસ્થી, કિન્નરી ભટ્ટ , કેલિન રાણા અને શૌનક પંડ્યાના અભિનય તેમજ દર્શન ઝવેરીના સંગીત અને મિતુલ લુહારના પ્રકાશ આયોજને મનોરંજક વાતાવરણ ઊભું કર્યું હતું.

**આજે કયું નાટક?**

મનપાની નાટ્ય સ્પર્ધામાં આવતીકાલે ડાયમંડ સિટી પ્રોડકશન્સનું 'દિલ છે હિન્દુસ્તાની' ભજવાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### AURO યુનિવર્સિટીમાં 7મી ગાંધીયન એન્જિનિયરિંગ આઈડિયા કોમ્પિટિશન યોજાઈ



સુરતઃ ગાંધી જયંતીના અવસરે AURO યુનિવર્સિટી ખાતે 7મી ગાંધીયન એન્જિનિયરિંગ આઈડિયા કોમ્પિટિશન 2026નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પદ્મ વિભૂષણ અને FRS ડો. આર. એ. મશેલકર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. AURO University Innovation and Incubation Centre for Education and Life Long Learning (AUI2C-EL3), SSIP, NSS અને TiE Suratના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ 'Gandhian Engineering' અને 'More from Less for More (MLM)' ના વિચારને પ્રોત્સાહન આપવાનો હતો. આ વર્ષની સ્પર્ધામાં 51 શૈક્ષણિક સંસ્થાઓમાંથી કુલ 104 એન્ટ્રીઓ પ્રાપ્ત થઈ હતી. જેમાં તાઈવાનની બે યુનિવર્સિટીઓની આંતરરાષ્ટ્રીય એન્ટ્રીઓનો પણ સમાવેશ થયો હતો. મુખ્ય અતિથિ તરીકે ડો. આર. એ. મશેલકરે સંબોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

### ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની દ્વારા તાપી તટ પર સફાઈ અભિયાન ચલાવાયું



સુરતઃ 'સ્વચ્છતા હી સેવા હૈ' કાર્યક્રમ દ્વારા ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિ., સુરત ક્ષેત્રીય કાર્યાલય દ્વારા તાપી નદીના તટ પર સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું. જેમાં ક્ષેત્રીય કાર્યાલયના કર્મચારીઓએ તા. ૦૧/૧૦/૨૦૨૬ના રોજ સ્વૈચ્છિક શ્રમદાન કર્યું. આ અભિયાન દરમિયાન તાપી નદીના તટની સાફ-સફાઈ કર્યા બાદ ક્ષેત્રીય કાર્યાલય દ્વારા જનતાની સેવા માટે બે કચરાપેટી (ડસ્ટબિન) અર્પણ કરવામાં આવ્યા હતા.

### વેસુમાં ચાર ધામની થિમ ઉપર ભવ્ય દુર્ગાપૂજા મહોત્સવનું આયોજન



સુરતઃ વેસુ સાંસ્કૃતિક સમિતિ દ્વારા વેસુ લુથરા સર્કલ ખાતે ચાર ધામની થીમ ઉપર ભવ્ય રીતે દુર્ગા પૂજા મહોત્સવ 2026 નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. 4'મી ઓક્ટોબરના રોજ સાંજે 4:00 વાગે સિટી લાઇટ મહેંદીપુર બાલાજી મંદિરથી ભવ્ય શોભા યાત્રામાં, કળશ અને નિશાન યાત્રા નીકળશે જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાશે જે વેસુ લુથરા સર્કલ દુર્ગા માતાજીના પંડાલ સુધી પહોંચશે અને માતાજીની વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવશે, ત્યાર પછી તારીખ 11'મી ઓક્ટોબર થી 20'ઓક્ટોબર સુધી આ દુર્ગા પૂજા મહોત્સવ યોજાશે. વેસુ સાંસ્કૃતિક સમિતિ પ્રમુખ કૃષ્ણ શર્માએ જણાવ્યું હતું કે, નવરાત્રીના પાવન પર્વની નિમિત્તે અમારા વેસુ પરિવારના સભ્યો સાથે મળીને દુગા પૂજાનું બીજી વખત મોટા પાયે આયોજન કર્યું છે,આ આયોજનમાં ચારધામની થીમ ઉપર રાખવામાં આવ્યું છે. આજની પત્રકાર પરિષદમાં સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપવા અધ્યક્ષ કૃષ્ણ શર્મા, દીપક બંકા, સચિન સિંગલા, નરસી ભવાની,મુખ્ય યજમાન કૈલાશ લોહિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

### મહાત્મા ગાંધી માત્ર સત્યાગ્રહી જ નહોતા પણ સત્યગ્રાહી હતા: પદ્મદર્શનસૂરિજી



ભિવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈનભવનમાં પ્રભાવક પ્રવચનકાર જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, બ્રિટીશરોની ગુલામીની જંજીરોમાંથી મુક્ત બનાવનાર મહાત્મા ગાંધી ભારતનું ભવ્ય આભૂષણ સમાન હતા. સત્ય, અહિંસા, અચૌર્ય અને અપરિગ્રહના આદર્શો ધરાવનાર મહાત્મા ગાંધીને સમગ્ર વિશ્વ વંદન કરી રહ્યું છે. પ્રભુ મહાવીરના સિદ્ધાન્તોને ગાંધી બાપુએ આત્મસાત્ કર્યા હતા. વામનમાંથી વિરાટ બનનાર ગાંધીજીએ પરાર્થની વેદીકા ઉપર જીવન જીવ્યું હતું. આજે કેટલાક લોકો ગાંધીજીના નામે ચરી ખાય છે. ક્યાં એ બાપુના સિદ્ધાન્તો અને વર્તમાનના બાપુનાં સિદ્ધાન્તો ? માત્ર સુતરની આંટી બાપુને પહેરાવીને આ લોકો સંતોષ માનતા હોય છે. મહાત્મા ગાંધી માત્ર સત્યાગ્રહી જ નહોતા પણ સત્યગ્રાહી હતા. આજે તો જુઠ્ઠાઓનો સમય ચાલી રહ્યો છે. ગાંધી માત્ર મોહન નહોતા પણ સહુના મનનું મોહન કરનારા હતા.

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે સુરત સરકીટ હાઉસમાં લોકોની રજૂઆતો સાંભળશે

સુરતઃ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે, શનિવારના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાથી સુરત સર્કિટ હાઉસ ખાતે સુરતના નાગરિકો સાથે એક વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજશે. જેમાં નાયબ મુખ્યમંત્રી સુરતના વિવિધ વિસ્તારોમાંથી આવતા નાગરિકો અને અરજદારોને રૂબરૂ મળીને તેમની સમસ્યાઓ તથા રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળશે. જેમાં સામાન્ય રીતે નાગરિકો સ્થાનિક પ્રશાસન સંબંધિત મુદ્દાઓ, વિકાસલક્ષી કાર્યો, કાયદો અને વ્યવસ્થા તેમજ વ્યક્તિગત મુશ્કેલીઓ સહિતની વિવિધ બાબતો અંગે પોતાની રજૂઆત કરતા હોય છે. સમસ્યાઓના સુખદ અને ત્વરિત નિરાકરણ માટે સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓને સ્થળ પર જ જરૂરી સૂચનાઓ તથા આદેશો આપવામાં આવે છે, જેથી સામાન્ય નાગરિકોને સરકારી કચેરીઓ સુધી ધક્કા ખાવા ન પડે અને ત્વરિત ન્યાય મળી રહે. સુરત શહેર તથા જિલ્લાના જે નાગરિકો પોતાની સમસ્યાઓ કે વિકાસલક્ષી સૂચનો રજૂ કરવા માંગતા હોય, તેઓ આવતીકાલે શનિવારે બપોરે ૧૨:૩૦ વાગ્યાથી સુરત સર્કિટ હાઉસ ખાતે ઉપસ્થિત રહી શકે છે.

### સમસ્ત બ્રહ્મસમાજના લગ્નોત્સુક ઉમેદવારો ફોર્મ ભરી શકશે

સુરતઃ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા વડોદરામાં નિઝામપુરા ખાતે આવેલા અતિથી ગ્રુહમાં તા. 06-12-2026ના રોજ રવિવારે સવારે 10.00 કલાકે લગ્નોત્સુક ઉમેદવારો માટે ''જીવનસાથી પસંદગી સંમેલન (61મું)નું આયોજન કરવામાં આવે છે જેના ઉમેદવારી પત્ર પ્રાપ્ત કરવા તથા ભરાયેલા ઉમેદવારની રંગીન તસ્વીર સાથે અને નિયત સેવા શુલ્ક સાથે જમા ઠરાવવા સુરતમાં જ્યોતિષાચાર્ય ગણેશચંદ્ર હવે, 83 કોટયાકનગર, નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ અને વિક્રમભાઈ વી, ત્રિવેદી, 15 નંદવદન સોસાયટી, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે ઘોડદોડ રોડનો સંપર્ક કરવા જણાવાયું છે.

### ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મજયંતી નિમિત્તે કોંગ્રેસનો વ્યાખ્યાન કાર્યક્રમ



સુરતઃ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારતના પૂર્વ વડાપ્રધાન અને સ્વતંત્રતા સેનાની લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સુરત શહેર કોંગ્રેસ કાર્યાલય, નાનપુરા મક્કાઈપુલ ખાતે વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રખર વક્તા પ્રો. સૂર્યકાંત શાહ અને તેમના ધર્મપત્ની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કોંગ્રેસના કોર્પોરેટર અર્શદ જરીવાલા, મહિલા કોંગ્રેસ પ્રમુખ મમતા સવાણી, ઉપપ્રમુખ હરિશ સૂર્યવંશી સેવાદળના મુખ્ય સંગઠક સંતોષ પાટીલની સાથે અન્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામે ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.